





## સાબરકાંઠામાં લોકરક્ષકની પરીક્ષા રદ કરતા પરીક્ષાર્થીઓ રોષે ભરાયા

સમગ્ર ગુજરાત માં રવિવારે લોક રક્ષકદળ બોર્ડ ધ્વારા પરીક્ષાનું આયોજન થયેલું પરંતુ બાયો મેટ્રિક પદ્ધાથીતી હાજરી ભર્યા બાદ પેપર આપવા બેસવાના હતા ત્યાં પેપર લીક થવાના કારણે પરીક્ષા મોકૂફ રાખવામાં આવી હતી જેના કારણે વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા હતા.સંદેશ ન્યુઝે હિમતનગરના હિમત હાઈસ્કુલ કેન્દ્ર પર પરીક્ષા આપવા આવેલા બનાસકાંઠા ઉમેદવારો સાથે વાત કરી હતી. ગુજરાત આજે લોકરક્ષક બોર્ડ ધ્વારા એક કલાકની લેખિત જનરલ નોલેજની લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સાબરકાંઠા જિલ્લાના ૮ તાલુકાની ૯૩ શાળા અને કોલેજોમાં ૧૦૯૫ બ્લોકમાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના હતા પરંતુ પેપર લીક થવાના કારણે પરિક્ષાર્થીઓને નિરાશા સાંપડી હતી. લેખિત પરીક્ષાનું પ્રશ્ન પેપર કોઈ કારણોસર લીક થવાના કારણે સાબરકાંઠા જિલ્લામાં પરીક્ષા આપવા આવેલા ૩૨૮૫૦ ઉમેદવારો પરીક્ષા આપ્યા વિના નિરાશ થઈ પરત ફર્યા હતા સાબરકાંઠા જિલ્લાની આજુબાજુના જિલ્લાઓ માંથી પરિક્ષાર્થીઓ પરીક્ષા આપવા માટે ગઈકાલ રાતથી જ આવ્યા હતા અને સવારથી લઈને અત્યાર સુધી હેરાન થયા બાદ એમને પરીક્ષામાં પણ નિરાશા સાંપડી હતી અને પરિક્ષાર્થીઓ હાલ તો નિરાશ થઈ પોતાના વતન પાંછા ફર્યા હતાં.

## મોડાસામાં સ્વદેશી જાગરણ મંચ દ્વારા ૧૦૦૦ વિદ્યાર્થીઓને સંબોધી સ્વદેશી અપનાવવા આહવાન

મોડાસા, તા. ૨

૧૯૯૧થી દેશના આર્થિક હિતો માટે લડાઈ લડતી સંસ્થા સ્વદેશી જાગરણ મંચના અખિલ ભારતીય સંગઠક કાશ્મીરી લાલ મોડાસા ખાતે ઉપસ્થિત રહી ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને સંબોધિત કરી સ્વદેશી અપનાવવા હાકલ કરી હતી.

આ પ્રસંગે ગુજરાત પ્રાંતના જીતેન્દ્ર સુથાર, નીરવદન ભટ્ટ, ચૈતન્ય ભટ્ટ, અરવલ્લી જીલ્લા સંયોજક નિલેશ જોશી, સુરેન્દ્રસિંહ રાઠોડ, મોડાસા શહેર સંયોજક અમિત કવિ, અશોક ત્રિવેદી ઉપસ્થિત રહી સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

કાશ્મીરીલાલના જણાવ્યા અનુસાર દેશમાં હાલ ઈ-કોમર્સ અને એફ.ડી.આઈ.થી વિદેશી કંપનીઓએ ૬ કરોડ નાના-મોટા ધંધા રોજગાર ઠપ્પ કરી દેતા કરોડો પરિવારની હાલત કફોડી બની છે. રોજગારી ઘટતા દેશમાં બેરોજગાર યુવાનોની સંખ્યામાં વધારો થયો છે.





સમગ્ર રાજયભરમાં લોકરક્ષકની પેપર લીક થતાં પરીક્ષા કેન્સલ રખાતાં મહેસાણા ખાતે પરીક્ષા કેન્દ્રો ઉપર વિદ્યાર્થી-ભાઈઓ અને બહેનોને સાબરકાંઠાના ભિલોડાથી પરીક્ષાર્થીઓ અને વાલીઓ નારાજ થયા હતા. ટોળેટોળા એકઠા થયા હતા.

### ખેડબ્રહ્મા શહેરમાં લોકરક્ષકની પરીક્ષા રદ

## પરીક્ષાર્થીઓએ મચાવ્યો હોબાળો : ઉચ્ચાર્યા સરકાર વિરુદ્ધ સૂત્રોચાર

ખેડબ્રહ્મા, તા. ૨

લોકરક્ષક ભરતીની પરીક્ષા રદ કરવામાં આવી છે. લોકરક્ષક ભરતી બોર્ડના અધ્યક્ષ વિકાસ સહાયે જાહેરાત કરી છે કે અસામાજિક તત્વો દ્વારા પરીક્ષાનું પેપર લીક કરાયું છે. જેથી લોકરક્ષક ભરતી માટેની પરીક્ષા આજે યોજાવાની નથી. આજે ૯૦૦ વિદ્યાર્થીઓ ખેડબ્રહ્મા શેઠ કે ટી હાઈસ્કુલમાં આપવા આવ્યાં હતા. પરીક્ષા અગાઉ પેપર લીક થવા મામલે જાણ થઈ જેથી આ પગલા લેવાયા છે. તેમજ તેમણે જણાવ્યું છે કે પેપર લીક થવાનાં કારણે થઈ છે પરીક્ષા રદ.



રાજ્ય પોલીસ ભરતી બોર્ડ દ્વારા આજે રાજ્યના ૨૯ શહેરોમાં લોકરક્ષકની ૯,૭૧૩ બેઠકો માટે લેખીત પરીક્ષા લેવામાં આવાની હતી. થ્રિ-લેયર બંદોબસ્ત વચ્ચે ખેડબ્રહ્મા શહેરમાં રાજ્યના ૯૦૦ ઉમેદવારો લેખીત પરીક્ષા આપવાના હતા. લેખીત પરીક્ષા માટે શાળામાં બે યુનીટમાં કરાઈ હતી વ્યવસ્થા ત્રીસ બ્લોકમાં વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. તમામ બ્લોકમાં સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવ્યાં હતા.

કુલ ૧૦૦ ગુણની પરીક્ષાનો સમય સાંજે ૩ થી ૪ કલાકનો છે. પરંતુ વિદ્યાર્થીઓને બપોરે ૧૨ થી ૨:૩૦ કલાક દરમિયાન પ્રવેશ લેવાની સુચના અપાઈ હતી. કારણ કે, પરીક્ષા આપનાર તમામ વિદ્યાર્થીઓનું બાયો મેટ્રિક સિસ્ટમથી ચકાસણી કરવામાં આવશે.

રાજ્ય પોલીસદળમાં લોકરક્ષની ભરતી શરૂઆતમાં ૬૧૮૯ બેઠકો મંજૂર કરવામાં આવી હતી. પરંતુ પાછળથી ૩૫૨૪ બેઠકોનો વધારો કરાતા કુલ ૯,૭૧૩ બેઠકો માટે પરીક્ષા લેવાશે. લેખિત પરીક્ષા લેવાયા બાદ મેરિટ યાદી બહાર પાડવામાં આવશે. જેમાં કુલ બેઠકના આઠ ગણા એટલે કે, ૭૭,૭૦૪ ઉમેદવારોને પ્રેક્ટિકલના મેરિટ માટે સમાવવામાં આવશે. જે પરીક્ષા પેપર્સ લીક થવાનાં કારણે થઈ છે પરીક્ષા રદ.

## લોકરક્ષક દળ પોલીસની પરીક્ષા આપવા શિહોરી પરીક્ષા કેન્દ્રના ૬૦૦ વિદ્યાર્થીઓને ધક્કો પડ્યો

કાંકરેજ, તા. ૨

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી એમ.વી. વાલાની હાઈસ્કુલમાં પોલીસ પરીક્ષા આપવા માટે આવેલા ૬૦૦ પરીક્ષાર્થીઓ પેપર લીક થતાં વીલા મોંઢે પરત ફર્યા હતા. શિહોરીમાં રાજપૂત કેળવણી મંડળ દ્વારા મોબાઈલ અને બેગ મુકવા માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારે પેપર લીક થવાથી તમામ મહેનત ઉપર પાણી ફરી વળ્યું. એક નાની બાળકીની માતા પરીક્ષામાં બેસવાની હતી અને તેમને પ્રવેશ કર્યો હતો ત્યારે એક મહિલાએ તેમની બાળકીને રમાડવા માટે સેવાનું કામ કર્યું હતું પરંતુ સદનસીબે પરીક્ષા બંધ રહેતા વિદ્યાર્થીઓમાં રોષ જોવા મળ્યો હતો અને પરીક્ષા આપવા આવેલા વાલીઓને હજારો રૂપિયાની ખોટ પડી છે. ત્યારે સરકાર દ્વારા વિદ્યાર્થીઓને ન્યાય આપી જે તે જિલ્લામાં પરીક્ષાઓ યોજાય તેવી માંગણી કરી હતી. પોલીસની પરીક્ષા માટે કંકોત્રી જોઈ વિદ્યાર્થીઓ ખુશ થઈ ગયા અને પછી પરીક્ષા ખંડમાં પહોંચ્યા ગોરબાપા બોલ્યા પેપર પધરાવો સાવધાન પછી ખબર પડી કે અડધો કલાક પહેલાં પેપર ફૂટી ગયું અને ૧૦૮ દ્વારા ગાંધીનગર ખાતે આવેલા શિક્ષણ વિભાગ પાસે ઈલાજ માટે મોકલી આપવામાં આવ્યું છે ત્યારે લાખો પરિક્ષાર્થીને આઘાત લાગ્યો અને વાલીઓ રોષે ભરાયાં સરકાર સામે આક્ષેપ કર્યો કે ચોર ચોરી કરવા જાય એટલે આવા સંજોગોમાં લોકસભાની ચૂંટણી પહેલા નાટકો ભજવી લોકોને ગેરમાર્ગે દોરવાનું કામ કરે છે. કરોડો રૂપિયાના ખર્ચે વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવા માટે ખરચ્યા હવે જવાબદાર કોણ ? આવો ઘાટ ઘડાયો લોકરક્ષક દળની પોલીસ પરીક્ષામાં. શિહોરીની એમ.વી. વાલાની હાઈસ્કૂલમાં ૬૦૦ જેટલા પરીક્ષાર્થીઓ પરીક્ષા આપવા માટે આવ્યા હતા ત્યારે વીલા મોંઢે પરત ફરતા વાલીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા તંત્ર ઉપર અને સરકાર સામે પોતાનો રોષ વ્યકત કર્યો હતો. ત્યારે સતત શિક્ષણ વિભાગની લાપરવાહી વિષે અનેકવાર રજુઆત કરી છે ત્યારે આવી ઘટનાઓ બનતી અટકવાનું નામ લેતી નથી આના માટે વિધાર્થીઓનો ભોગ શા માટે લેવાય છે તે પણ એક મોટો યક્ષ પ્રશ્ન છે. ત્યારે કચ્છ, સુરેન્દ્રનગર, હિંમતનગર, પાટણ સહિત અન્ય જિલ્લાના વિદ્યાર્થીઓ પોતાના વાલીઓ સાથે શિહોરી પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા આપવા માટે આવ્યા પરંતુ નિરાશાજનક બાબતો ધ્યાનમાં આવી કે બનાસકાંઠા જિલ્લામાં પેપર લીકનો મામલો સમગ્ર દેશમાં ચર્ચાનો વિષય બન્યો હતો અને પરીક્ષામાં બધાય ફેલ થયા તેવો ઘાટ સર્જાયો હતો.





### અરવલ્લી જિલ્લામાં ૩૧ પુરૂષ હેલ્થ વર્કરને આરોગ્ય વિભાગે

## નિમણુંક રદ કરાયા બાદ રાજકીય ઈશારે ફરી નિમણુંક માટે ગોઠવતો પેતરો

મોડાસા, તા. ૨

અરવલ્લી જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા પુરૂષ હેલ્થ વર્કર તરીકેની ભરતીમાં જેતે સમયે ભારે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાની બૂમો ઉઠી હતી. જેમાં ૩૧ પુરૂષ હેલ્થ વર્કર તરીકે પરપ્રાંતની અમાન્ય યુનિવર્સીટી અને યુ.જી.સી માન્ય ન હોય તેવી યુનિ.ના પ્રમાણપત્રોને આધારે નોકરી મેળવી હોવાની ફરિયાદના આધારે જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા તપાસ કમિટીની નિમણુંક કરી તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો અને રાજ્ય બહારની યુનિ.માં તપાસ ટિમ મોકલી આપ્યા બાદ તપાસ ટીમના રિપોર્ટના આધારે ૨૦ નવેમ્બરે આદેશ કરતા હડકંપ મચી ગયો હતો. જેના પગલે ૪ કર્મચારીઓએ હાઈકોર્ટના દ્વાર ખટખટાવતા કોર્ટ દ્વારા આદેશ ક્રમ.નં-૮,૨૪,૨૬ અને ૩૦ વાળા કર્મચારીઓએ તેમના એડવોકેટ યુ.ટી. મિશ્રા મારફતે ગુજરાત હાઈકોર્ટમાં એલ.પી.આઈ નંબર ૧૧૮૩/ ૨૦૧૮ ઈનએસસીએ નં.૧૩૦૭૩/૨૦૧૮ વિથ સીએ નં.૨૦૧૮ નો ઓરલ ઓર્ડરથી સ્ટે અપાતા અગાઉનો આદેશ રદ કરી ૪ ઉમેદવારોને પુનઃ સ્થાપિત કરવા આદેશ કર્યો હતો જેના પગલે કેટલાક રાજકીય પીઠબળ ધરાવતા નેતાઓ ૨૭ પુરુષ હેલ્થ વર્કરમાંથી તેમના નજીકના ઉમેદવારોને ફરીથી નિમણુંક માટે એડી ચોટીનું જોર લગાવી જિલ્લા આરોગ્ય વિભાગના અધિકારીઓ પર દબાણ કરતા હોવાની આરોગ્ય વિભાગના સૂત્રો દ્વારા વાત બહાર આવતા સમગ્ર ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બની છે.

અરવલ્લી જિલ્લામાં MPHW કર્મચારીઓને છુટા કરવાના નામદાર હાઈકોર્ટે આદેશ કરતા તત્કાલીન ભરતી પ્રક્રિયા પર આક્ષેપો થઈ રહ્યા છે ઉલ્લેખનીય છે કે માર્કશીટ કૌભાંડ અંગે અધિકારીઓએ રાજસ્થાન, હિમાચલપ્રદેશ અને તામિલનાડુની યુનિવર્સીટીઓમાં તપાસ કર્યા બાદ આરોગ્ય વિભાગે નિર્ણય લીધો હતો.૧૨ કર્મચારીઓએ હાઈકોર્ટનો આશરો લીધો હોય તેઓના કેસ પેન્ડીંગ રાખી મંગળવારના રોજ નામદાર હાઈકોર્ટે રાજયભરમાં ચકચાર મચાવનાર રૈંઉંઉના કર્મચારીઓની ભરતીમાં વર્ષ ૨૦૧૨ થી ૧૭માં ગેરરીતી આચરાઈ હોવાનો ચુકાદામાં સિધ્ધ થયા બાદ રાજયભરમાં MPHWના કર્મચારીઓની ૨૦૧૨ થી ૨૦૧૭માં થયેલી ભરતીમાં આપવામાં આવેલા પ્રમાણપત્રોના તપાસના આદેશો આપી દેવામાં આવ્યા હતા. જેને પગલે નિમાયેલ અધિકારીઓએ સત્યતાની ખરાઈ માટે તપાસ કરતાં જે તે યુનિવર્સીટીઓના કોર્સ અમાન્ય હોવાથી અરવલ્લીના ૩૧ કર્મચારીઓ નિમણૂંક માટે માન્ય રાખવાપાત્ર ન હોવાથી ૩૧ કર્મચારીઓને છુટા કરવાના આદેશો મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ ૪૩ માંથી હજુ ૧૨ કર્મચારીઓએ હાઈકોર્ટનો આશરો લીધો પરંતુ કોંગ્રેસ શાસિત અરવલ્લી જિલ્લા પંચાયતમાં કેટલાક નેતાઓ અધિકારીઓ પાસે નેતાઓના નજીક મનાતા હેલ્થ વર્કરો પાછી નિમણુંક માટે દબાણ કરતા હોવાની ચર્ચા ટોક ઓફ ટાઉન બની છે. વહીવટીતંત્ર આ મુદ્દે ગંભીરતાથી દાખવી કોઈના દબાણમાં ન આવી બીજીવાર ભૂલ ન કરે તેવી લોકોની માંગ ઉઠી છે.

## અરવલ્લી જિલ્લામાં નિવૃત કર્મચારી મંડળ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકા નિવૃત કર્મચારી મંડળ તથા વિવિધ હોસ્પિટલોના સહયોગથી સર્વરોગ નિદાન કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. આ કેમ્પમાં આંખની તપાસ, દાંતની તપાસ, ઓર્થોપેડીક્સ, ગાયનેકોલોજીક જેવી તપાસ કરવામાં આવી હતી. સાથે આંખની તપાસ બાદ દર્દીની લેબોરેટરી, દવા, ટીપા, ઓપરેશન નેત્રમણી કાળા ચશ્માં વિના મુલ્યે આપવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આ કેમ્પમાં ધનસુરા તાલુકા નિવૃત કર્મચારી મંડળ "તપસ્યા" પેરામેડીકલ ઈન્સ્ટીટ્યુટ મોડાસા, શાન્તાબેન હરગોવિંદદાસ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી જલારામ આરોગ્ય સેવા ટ્રસ્ટ હોસ્પિટલ મેઘરજ, એમ્સ હોસ્પિટલ મોડાસા, જિલ્લા અંધત્વ નિયંત્રણ સમિતિ અરવલ્લી, સદ્‌વીચાર પરિવાર મોડાસા-મેઘરજના સંયુક્ત ઉપક્રમે મફત નેત્રનિદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન ધનસુરા તાલુકા નિવૃત કર્મચારી મંડળના પ્રમુખ હસમુખભાઈ પટેલ, મંત્રી ગોવિંદભાઈ પટેલ અને ધનસુરા તાલુકા નિવૃત કર્મચારી મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. આજુબાજુના ગામ લોકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં જલારામ હોસ્પિટલના પ્રમુખ ડૉ બંસીભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા રેડક્રોસ સોસાયટીના પ્રમુખ ભરતભાઈ પરમાર, સામાજિક કાર્યકર મુકેશભાઈ પટેલ, નિલેશભાઈ જોષી, દિપકભાઈ રામદેવ આશ્રમ (વૈયા-મેઘરજ), ડૉ.મયંકભાઈ પટેલ, ડૉ.ખુશ્બૂબેન પટેલ, ડૉ.તરલભાઈ પટેલ, ડૉ.પ્રીતીબેન ચાવડા પણ હાજર રહ્યા હતા.






## ધાનેરામાં નગરપાલિકા દ્વારા સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરાયું

ધાનેરામાં નગરપાલિકા ધ્વારા સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોકોએ તેમની રજૂઆત કરી હતી તો તંત્રએ પણ લોકોની રજૂઆતનું તાત્કાલિક નિરાકરણ કર્યું હતું. લોકોને પડતી વિવિધ મુશ્કેલીઓ અને અને લોકોની રજૂઆત માટે વિવિધ કચેરીઓના ધક્કા ખાવા પડે છે પરંતુ લોકોનું કામ ન થતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ત્યારે આ બાબતને ધ્યાને લઈ ગુજરાત સરકાર ધ્વારા લોકોની તમામ મુશ્કેલીઓ અને પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ થાય તે માટે સેવાસેતુ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું છે અને આ સેવાસેતુ કાર્યક્રમ દરેક તાલુકે અને ગામડે કરવામાં આવે છે ત્યારે આજે ધાનેરામાં પણ નગરપાલિકા ધ્વારા સેવાસેતુ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બેન્ક વિભાગ નગરપાલિકા વિભાગ તેમજ મામલતદાર કચેરીના લગતા તમામ કામો કરવામાં આવ્યા હતા અને લોકોએ પણ વિવિધ રજૂઆતો કરતા તેમની રજૂઆતો સાંભળી તાત્કાલિક નિરાકરણ લાવ્યું હતું. આ કાર્યક્રમમાં ધાનેરા નગરપાલિકા પ્રમુખ બળવંતભાઈ બારોટ, મામલતદાર ડી.એસ. ખરાડી સહીતના અધિકારીઓ અને લોકો હાજર રહ્યા હતા.

## અરવલ્લીમાં ટેકાના ભાવે મગફળી વેચનાર ખેડૂતોને ૧.૫૧ કરોડનું ચુકવણું

અરવલ્લી જીલ્લામાં સરકાર અને નાફેડ દ્વારા ૫ સ્થળોએ ટેકાના ભાવે મગફળી કેન્દ્રો પર ૧૫ નવેમ્બરથી ખરીદી શરુ કરતા જીલ્લાના ખેડૂતો પાસેથી આજ દિન સુધી ૨૪૪૮૫.૩૪ કવીન્ટલ કીં. રૂ. ૧૨૨૪૨૬૭૦૦ની ટેકાના ભાવે મગફળી ખરીદી કરી હતી. સરકારે ૨૪ કલાકમાં ચુકવણી જાહેરાત કર્યા બાદ ૧૭ દિવસ પછી ૩૫૦ ખેડૂતોને ૧.૫૧ કરોડનું ચુકવણું કરવામાં આવ્યું હોવાનું તંત્ર દ્વારા જણાવ્યું હતું. સરકારે ટેકાના ભાવે ખરીદેલ મગફળીના રૂપિયા ચુકવવાની શરૂઆત થતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો. ખેડૂતોએ તેમના રૂપિયા જમા થયા કે નહિ તે જાણવા બેંક ખાતામાં બેલેન્સ જાણવા દોડધામ કરતા નજરે પડ્યા હતા. જીલ્લામાં ગત તા.૧૫ નવેમ્બરથી ટેકાના ભાવે મગફળી ખરીદવાની પ્રક્રિયા ચાલુ છે જે ધીમી ગતિગતીએ હોવાની સાથે બારદાનના અભાવે કેટલાક કેન્દ્રો પર ખરીદી પણ થોડો સમય અટકી હતી. જીલ્લામાં આજ દિન સુધી ૨૪૪૮૫.૩૪ કવીન્ટલ કીં. રૂ. ૧૨૨૪૨૬૭૦૦ મગફળી ખેડૂતોએ વેચી છે હજુ પણ રજીસ્ટ્રેશન કરાયેલ કેટલાય ખેડૂતોની મગફળી ખરીદીવાની પ્રક્રિયા શરુ હોવાથી મબલખ અવાક થવાની સંભાવના છે.